અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૪૨૮૯-૪૩૨૦

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૩૦/૧૨/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

ગુજરાત રાજ્ય.

વિષય:- દૂરદર્શન 'ડી.ડી. ગિરનાર' ચેનલ પરથી ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે HOME LEARNING કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભ:-૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક, તા.૦૫/૦૬/૨૦૨૦

૨. સર્વ શિક્ષા કચેરીના પત્રક્રમાંક: એસ.એસ.એ./QEM/2020/૧૬૧૦૮-૧૬૧૭૮ તા.૦૮/૦૬/૨૦૨૦

૩. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૬૮૬-૧૭૨૦, તા.૧૦/૦૬/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૮ જુનથી શરુ થયેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં હાલની કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલાવી શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ નથી. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજ્ય કક્ષાએથી ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ શૈક્ષણિક કાર્યક્રમોનું બાયસેગ દ્વારા 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ થી ૧૨ પરથી ચોવીસ કલાક પ્રસારણ થઇ રહ્યું છે. દૂરદર્શનની ડી. ટી.એચ. સર્વિસ ડી. ડી. ફ્રી ડીશ પર 'વંદે ગુજરાત' ચેનલ ઉપલબ્ધ છે. આ ઉપરાંત, તા.૧૫.૦૬.૨૦૨૦થી ટી.વી.ના માધ્યમથી એટલે કે દુરદર્શન કેન્દ્ર ડી.ડી. ગિરનાર ચેનલથી શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ શરૂ થયેલ છે. આ અંગે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ તથા શિક્ષકો દ્વારા વાલીઓ તેમજ વિદ્યાર્થીઓને આ "હોમ લર્નિંગ" કાર્યક્રમની જાણકારી આપવા માટે અત્રેના સંદર્ભ-૩ દર્શિત પત્રથી જણાવવામાં આવેલ છે.

કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓ ઘરે રહીને અભ્યાસ કરી શકે તે માટે તા.૧૫.૦૬.૨૦૨૦થી ધો- ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે "હોમ લર્નિંગ" કાર્યક્રમનું ડી.ડી. ગિરનાર ચેનલ પરથી પ્રસારણ શરૂ થયેલ છે. આ સાથે જાન્યુઆરી માસના શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણનું સમયપત્રક સામેલ છે. જેમાં દર્શાવેલ તારીખ અને સમય મુજબ જે તે ધોરણના વિદ્યાર્થીઓ બિનચૂક આ કાર્યક્રમ નિહાળી પોતાના શૈક્ષણિક કાર્યમાં અભિવૃદ્ધિ કરે તે માટે આપની કક્ષાએથી આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓને તાત્કાલિક જાણ કરી કાર્યક્રમની સફળતા માટે જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.

વિશેષમાં, વિદ્યાર્થીઓ જ્યારે કાર્યક્રમ નિહાળે ત્યારે જણાવેલ સમયપત્રક મુજબના પાઠ્યપુસ્તક, પેન-પેન્સિલ, નોટબુક જેવી જરૂરી શૈક્ષણિક સામગ્રી સાથે લઈને બેસે અને તેમાં જરૂરી નોંધ કરે તેની તકેદારી રાખવા અંગે જરૂરી સૂચના તથા માર્ગદર્શન આપવા પણ જણાવવામાં આવે છે.

આ "હોમ લર્નિંગ" માટે શાળાના આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓના સંપર્કમાં રહી પ્રત્યેક બાળક આ પ્રસારણ નિહાળે અને અધ્યયન કરે તે અંગે માર્ગદર્શન અને મોનીટરીંગ માટે આપની કક્ષાએથી યોગ્ય આયોજન કરવા જણાવવામાં આવે છે. આ અંગે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તે માટે તેઓને જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ: જાન્યુઆરી માસના પ્રસારણનું સમય પત્રક

નકલ સવિનય રવાના:-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.

જા. નં./મા.-૯/૨૦૨૦/૩૫૩૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: / /૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની મા. અને ઉ.મા. શાળાઓ,
સુરત. જિ.-સુરત.

૨/- જાણ તથા અમલ થવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

દૂરદર્શન પ્રસારણ — જાન્યુઆરી-2021

| તારીખ | (સમય:12-1) | | |
|---|---|---|---|
| 01-01-21 | ધોરણ-9 | વિજ્ઞાન : | પરમાણુઓ અને અણુઓ પ્ર-3 ભાગ-1 |
| 02-01-21 | ધોરણ-9 | વિજ્ઞાન : | પરમાણુઓ અને અણુઓ પ્ર-3 ભાગ-2 |
| 03-01-21 | | રવિવાર | |
| 04-01-21 | ધોરણ-9 | વિજ્ઞાન : | પરમાણુઓ અને અણુઓ પ્ર-3 ભાગ-3 |
| 05-01-21 | ધોરણ-9 | વિજ્ઞાન : | પરમાણુઓ અને અણુઓ પ્ર-3 ભાગ-4 |
| 06-01-21 | ધોરણ-9 | વિજ્ઞાન : | પરમાણુઓ અને અણુઓ પ્ર-3 ભાગ-5 |
| 07-01-21 | ધોરણ-10 | ગણિત : | ત્રિકોણમિતિના ઉપયોગો પ્ર-9 ભાગ-1 |
| 08-01-21 | ધોરણ-10 | ગણિત : | ત્રિકોણમિતિના ઉપયોગો પ્ર-9 ભાગ-2 |
| 09-01-21 | ધોરણ-10 | ગણિત : | ત્રિકોણમિતિના ઉપયોગો પ્ર-9 ભાગ-3 |
| 10-01-21 | | રવિવાર | |
| 11-01-21 | ધોરણ-10 | વિજ્ઞાન : | તત્વોનું આવર્તી વર્ગીકરણ પ્ર-5 ભાગ-1 |
| 12-01-21 | ધોરણ-10 | વિજ્ઞાન : | તત્વોનું આવર્તી વર્ગીકરણ પ્ર-5 ભાગ-2 |
| 13-01-21 | ધોરણ-9 | ગણિત : | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-1 |
| 14-01-21 | | મકરસંક્રાંતિ | |
| 15-01-21 | ધોરણ-9 | ગણિત : | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-2 |
| 16-01-21 | ધોરણ-9 | ગણિત : | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-3 |
| 17-01-21 | | રવિવાર | |
| 18-01-21 | ધોરણ-9 | ગણિત : | રેખાઓ અને ખૂણાઓ પ્ર-6 ભાગ-4 |
| 19-01-21 | ધોરણ-10 | અંગ્રેજી (SL) : | I Love You, Teacher Read 6 |
| 20-01-21 | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્રવાહની ચુંબકીય અસરો પ્ર-13 ભાગ-1 |
| 21-01-21 | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્રવાહની ચુંબકીય અસરો પ્ર-13 ભાગ-2 |
| 22-01-21 | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્રવાહની ચુંબકીય અસરો પ્ર-13 ભાગ-3 |
| 23-01-21 | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્રવાહની ચુંબકીય અસરો પ્ર-13 ભાગ-4 |
| 24-01-21 | | રવિવાર | |
| 25-01-21 | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્રવાહની ચુંબકીય અસરો પ્ર-13 ભાગ-5 |
| 26-01-21 | | પ્રજાસત્તાક દિન | |
| 27-01-21 | ધોરણ-10 | વિજ્ઞાન : | વિદ્યુત પ્રવાહની ચુંબકીય અસરો પ્ર-13 ભાગ-6 |
| 28-01-21 | ધોરણ-10 | ગણિત : | વર્તુળ સંબંધિત ક્ષેત્રફળ પ્ર-12 ભાગ-1 |
| 29-01-21 | ધોરણ-10 | ગણિત : | વર્તુળ સંબંધિત ક્ષેત્રફળ પ્ર-12 ભાગ-2 |
| 30-01-21 | ધોરણ-10 | ગણિત : | વર્તુળ સંબંધિત ક્ષેત્રફળ પ્ર-12 ભાગ-3 |
| 31-01-21 | | રવિવાર | |

| તારીખ | (સમય:3-4) | | |
|---|---|---|---|
| 01-01-21 | ધોરણ-12 | અંગ્રેજી (SL) : | Unit 2 Part 1 |
| 02-01-21 | ધોરણ-12 | અંગ્રેજી (SL) : | Unit 2 Part 2 |
| 03-01-21 | | | રવિવાર |
| 04-01-21 | ધોરણ-12 | અંગ્રેજી (SL) : | Unit 2 Part 3 |
| 05-01-21 | ધોરણ-11 | ભૌતિક વિજ્ઞાન : | ઘન પદાર્થોના યાંત્રિક ગુણધર્મો પ્ર-9 ભાગ-1 |
| 06-01-21 | ધોરણ-11 | ભૌતિક વિજ્ઞાન : | ઘન પદાર્થોના યાંત્રિક ગુણધર્મો પ્ર-9 ભાગ-2 |
| 07-01-21 | ધોરણ-11 | ભૌતિક વિજ્ઞાન : | ઘન પદાર્થોના યાંત્રિક ગુણધર્મો પ્ર-9 ભાગ-3 |
| 08-01-21 | ધોરણ-11 | ભૌતિક વિજ્ઞાન : | ઘન પદાર્થોના યાંત્રિક ગુણધર્મો પ્ર-9 ભાગ-4 |
| 09-01-21 | ધોરણ-11 | ભૌતિક વિજ્ઞાન : | ઘન પદાર્થોના યાંત્રિક ગુણધર્મો પ્ર-9 ભાગ-5 |
| 10-01-21 | | | રવિવાર |
| 11-01-21 | ધોરણ-11 | ભૌતિક વિજ્ઞાન : | ઘન પદાર્થોના યાંત્રિક ગુણધર્મો પ્ર-9 ભાગ-6 |
| 12-01-21 | ધોરણ-11 | ભૌતિક વિજ્ઞાન : | ઘન પદાર્થોના યાંત્રિક ગુણધર્મો પ્ર-9 ભાગ-7 |
| 13-01-21 | ધોરણ-12 | ગણિત : | વિકલિતના ઉપયોગો પ્ર-6 ભાગ-1 |
| 14-01-21 | | | મકરસંક્રાંતિ |
| 15-01-21 | ધોરણ-12 | ગણિત : | વિકલિતના ઉપયોગો પ્ર-6 ભાગ-2 |
| 16-01-21 | ધોરણ-12 | ગણિત : | વિકલિતના ઉપયોગો પ્ર-6 ભાગ-3 |
| 17-01-21 | | | રવિવાર |
| 18-01-21 | ધોરણ-12 | ગણિત : | વિકલિતના ઉપયોગો પ્ર-6 ભાગ-4 |
| 19-01-21 | ધોરણ-12 | ગણિત : | વિકલિતના ઉપયોગો પ્ર-6 ભાગ-5 |
| 20-01-21 | ધોરણ-12 | ગણિત : | વિકલિતના ઉપયોગો પ્ર-6 ભાગ-6 |
| 21-01-21 | ધોરણ-12 | ગણિત : | વિકલિતના ઉપયોગો પ્ર-6 ભાગ-7 |
| 22-01-21 | ધોરણ-12 | ગણિત : | વિકલિતના ઉપયોગો પ્ર-6 ભાગ-8 |
| 23-01-21 | ધોરણ-12 | ભૌતિક વિજ્ઞાન : | વિદ્યુતચુંબકીય તરંગો પ્ર-8 ભાગ-1 |
| 24-01-21 | | | રવિવાર |
| 25-01-21 | ધોરણ-12 | ભૌતિક વિજ્ઞાન : | વિદ્યુતચુંબકીય તરંગો પ્ર-8 ભાગ-2 |
| 26-01-21 | | | પ્રજાસત્તાક દિન |
| 27-01-21 | ધોરણ-12 | ભૌતિક વિજ્ઞાન : | વિદ્યુતચુંબકીય તરંગો પ્ર-8 ભાગ-3 |
| 28-01-21 | ધોરણ-12 | નામાનાં મૂળ તત્વો | ભાગીદારી પેઢીનું વિસર્જન પ્ર-7 ભાગ-1 |
| 29-01-21 | ધોરણ-12 | નામાનાં મૂળ તત્વો | ભાગીદારી પેઢીનું વિસર્જન પ્ર-7 ભાગ-2 |
| 30-01-21 | ધોરણ-12 | જીવ વિજ્ઞાન : | સજીવો અને વસ્તી પ્ર-13 ભાગ-1 |
| 31-01-21 | | | રવિવાર |